# ગુજરાતના આદિવાસી લોકસાહિત્યનું વિહંગાવલોકન

અહેવાલ લેખન
ડૉ. સિદ્ધરાજ સોલંકી

40

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

# ગુજરાતના આદિવાસી લોકસાહિત્યનું વિહંગાવલોકન

અહેવાલ લેખન
**ડૉ. સિદ્ધરાજ સોલંકી**

**આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર**
**ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪.**

પ્રકાશક

રામલાલ ડાહ્યાભાઈ પરીખ
વ્યવસ્થાપક ટ્રસ્ટી,
ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ–૩૮૦૦૧૪.

૧૯૭૭

## આવકાર

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા થતાં સંશોધનોની જાણકારી તેમાં રસ ધરાવતા વર્ગને મળે તે આશયથી કેન્દ્રનું આ સંશોધન સાયકલોસ્ટાઈલ સ્વરૂપે મૂકવામાં આવે છે. આદિવાસી વિકાસકાર્યની સાથે સંકળાયેલા સંશોધકો, સમાજસેવકો, વહીવટદારો, વિદ્યાર્થીઓ અને અન્ય અભ્યાસીઓ આ અહેવાલ જોઈને સૂચનો કરશે તો તે કેન્દ્રને તેના ભવિષ્યના કામમાં મદદરૂપ થશે. આ સંશોધનમાં ભાગ લેનાર સંશોધકને અભિનંદન આપું છું.

**રતિલાલ દે. આડતિયા**
મહામાત્ર

## પ્રસ્તાવના

આદિવાસી લોકસાહિત્યના ક્ષેત્રે થયેલા સંચયનો અને તેના પરથી થયેલી કેટલીક તારવણીનો ખ્યાલ મેળવવાના આશયથી આદિવાસી લોકસાહિત્યનું વિહંગાવલોકન કેન્દ્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. ભવિષ્યમાં તેમાં વધારે વિશાળ ક્ષેત્ર આવરવાનો કેન્દ્રનો ખ્યાલ છે. આ વિહંગાવલોકનમાં ઉપયોગમાં લેવાયેલા આદિવાસી લોકસાહિત્યના સર્વ સંચયકારોનું કેન્દ્ર આભારી છે.

સિધ્ધરાજ સોલંકી
કાર્યકારી નિયામક

ઘણુંખરું દરેક આદિવાસી જાતિની પોતાની આગવી અને વિશિષ્ટ કહી શકાય એવી બોલી હોય છે. કોઇપણ જાતિને આદિવાસી જાતિ તરીકે લેખવામાં આ બાબત પણ કેટલેક અંશે મહત્વની લેખાતી હોય છે. ગુજરાતની આદિવાસી જાતિઓ પણ તેમાં અપવાદ નથી. મોટાભાગની ગુજરાતની આદિવાસી જાતિઓની પોતાની આગવી બોલીઓ છે. ૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતની આદિવાસી જાતિઓ જુદી જુદી વીસેક જેટલી બોલીઓ બોલે છે. તેમાંથી ભીલોડી, ચૌધરી અને ડાંગી બોલીઓના ભાષકોની સંખ્યા પચાસ હજાર કરતાં પણ વિશેષ છે. પચીસ હજારથી પચાસ હજાર વચ્ચે ભાષકો ધરાવનારાઓમાં ધોડિયા, ગામીત, કોકણી બોલીઓનો સમાવેશ થાય છે. જ્યારે વસાવા, વારલી, માવચી બોલીઓના ભાષકોની સંખ્યા પંદર હજારની આસપાસ છે. દસ હજારથી નીચેના ભાષકો ધરાવનાર બોલીઓમાં નાયકડી, કોટવાળી, કોલચી, વલવી, પડવી, કાથોડી, કાનકરી, તલાવિયા, બાવચીનો સમાવેશ થાય છે.

બોલી યા ભાષા સામાન્ય રીતે અરસપરસના આદાનપ્રદાન-વિનિમય વ્યવહારનું મહત્વનું માધ્યમ હોવાથી, દરેક દરેક જાતિને સામાન્ય રીતે પોતપોતાની બોલીમાં લોકસાહિત્ય હોય છે. આવા લોકસાહિત્યમાં મુખ્યત્વે જે તે જાતિની લોકવાર્તાઓ, લોકગીતો, કહેવતો, ઉખાણાં અને કેટલીક વિશિષ્ટ સામાજિક, ધાર્મિક વિધિઓ, ધાર્મિક ઉત્સવો યા વિશિષ્ટ ક્રિયાઓ વખતે કહેવાતાં ક્રિયા કથાનકો યા ક્રિયાગીતો, મંત્રો, સૂત્રો, બોલ યા ઉક્તિઓ વગેરેનો સમાવેશ થાય છે. ગુજરાતમાં અગાઉ ઉલ્લેખ કર્યો છે તે રીતે ઉપરોક્ત નોંધપાત્ર લેખી શકાય એવી બોલીઓના સાહિત્યમાંથી અપવાદરૂપે જ કેટલુંક સાહિત્ય ગ્રંથસ્થ થઇ શક્યું છે. અને તેમાં પણ આ બોલીઓમાંથી કોઇને પોતાની લિપિ નથી. તેથી આવું ગ્રંથસ્થ થયેલું સાહિત્ય મહદંશે ગુજરાતીમાં છે. તદ્દન અપવાદ રૂપે અંગ્રેજીમાં (દા.ત. ડૉ.શાન્તિભાઇ આચાર્ય ૧૯૬૯, ૧૯૭૧) ગ્રંથસ્થ થયાના કેટલાક નમૂના મળે છે ખરા. ગુજરાતી અંગ્રેજીમાંના આવા નમૂનાઓમાં પણ જે તે બોલીઓમાંનાં ઉચ્ચારણોને જ નોંધવામાં આવ્યાં હોય તેવા દાખલાઓ બહુ જ જૂજ છે. (દા.ત. ડૉ.શાન્તિભાઇ આચાર્ય ૧૯૬૪, ડૉ. સિધ્ધરાજ સોલંકી ૧૯૭૪ વગેરે) અને તેમાં પણ તેનાં ઉચ્ચારણોને જ ભાષાશાસ્ત્રીય દ્રષ્ટિએ શાસ્ત્રીય ઢબે મૂકવાનો પ્રાથમિક પ્રયાસ થયો હોય એવા દાખલા તો અત્યંત અપવાદ રૂપે જ (દા.ત.ડૉ.શાન્તિભાઇ આચાર્ય ૧૯૬૪) જોવા મળે છે.

ગુજરાતના આદિવાસી લોકસાહિત્યના સંચયને મુખ્યત્વે નીચેના વિભાગોમાં વહેંચી શકાય :

(૧) વિવિધ આદિવાસી જાતિઓના અભ્યાસો ( Monograph )માં રજૂ થયેલા જે તે આદિવાસી જાતિના લોકસાહિત્યના નમૂના.

(૨) કેટલાક શોધ મહાનિબંધોમાં યા લઘુ નિબંધોમાં સંચિત થયેલું આદિવાસી લોકસાહિત્ય.

(૩) આદિવાસી લોકસાહિત્ય ઉપરના વિવિધ સામયિકોમાંના લેખો.

(૪) ગુજરાતના લોકસાહિત્યના સંચયમાં આદિવાસી લોકસાહિત્યના નમૂનાઓ.

(૫) આદિવાસી લોકસાહિત્ય ઉપરનાં જ અલગ પ્રકાશનો.

(૧) ગુજરાતની આદિવાસી જાતિઓ ઉપર પ્રકાશિત થયેલા ગ્રંથોની સંખ્યા માત્ર ડઝનેકની જ છે. તેમાં ગુજરાતીમાં આદિવાસીઓ અંગેના ગ્રંથો જ (શ્રી વણીકર ૧૯૪૪, શ્રી મલકાણ ૧૯૫૫, શ્રી વિમલ શાહ ૧૯૬૫) છે. ગુજરાતના પંચમહાલ જિલ્લાના ભીલો એ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ પ્રકાશિત કરેલું, પંચમહાલના ભીલોના સાંસ્કૃતિક જીવનનો પરિચય આપતું ગુજરાતી ભાષામાંનું પ્રથમ પ્રમાણભૂત પુસ્તક છે. તેમાં પંચમહાલના ભીલોના પ્રણાલિકાગત તેમજ પરિવર્તિત સાંસ્કૃતિક જીવનનાં વિવિધ પાસાંનો આછો પ્રાથમિક ચિતાર આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ભીલ અટકો, કહેવતો, ઉખાણાં, ગીતો, ભીલોડી રામાયણનો સંચય એ આ પુસ્તકની નોંધપાત્ર બાબત છે. કેટલાંક ગીતોની સ્વરલિપિ આપવાનો પ્રયાસ પણ અહીં કરવામાં આવ્યો છે. તેની પણ નોંધ લેવી જોઇએ. શ્રી મલકાણનું આ જ વિસ્તારના ભીલો પરનું તેનાથી લગભગ દાયકા પછીનું બીજું પુસ્તક મૂળે ગૂજરાત વિદ્યાપીઠનો સ્નાતક કક્ષાનો લઘુનિબંધ છે. તેમાં પણ પંચમહાલના ભીલોના સાંસ્કૃતિક જીવનનાં વિવિધ પાસાંને આવરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અલબત્ત તેનો ઝોક મહદ્અંશે તેના આર્થિક જીવન પર છે. ગુજરાતના આદિવાસીઓ પરના વિવિધ વસ્તી ગણતરી અહેવાલોમાંની સામગ્રી પર મહદ્અંશે આધારિત અને ગુજરાતની જુદી જુદી આદિવાસી જાતિઓનો પ્રાથમિક પરિચય આપતું, તેમજ ગુજરાતના આદિવાસીઓની વસ્તી, વિસ્તાર, શિક્ષણ, ભાષા, વિકાસ પ્રવૃત્તિઓ અને અન્ય અનેકવિધ ઉપયોગી સામગ્રીને રજૂ કરતું, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રની પ્રકાશનમાળાનું એક મહત્વનું પુસ્તક 'ગુજરાતના આદિવાસીઓ' ગુજરાતની વિવિધ આદિવાસી જાતિઓ પર લગભગ સર્વસંગ્રહ જેવું છે. તેમાં કેટલીક જાતિઓની સ્તરરચના અંગેના અને તેમના સાંસ્કૃતિક જીવનનાં અન્ય પાસાં અંગેના છૂટક નિર્દેશો ક્વચિત જોવા મળે છે. તાજેતરમાં પ્રકાશિત થયેલ શ્રી શંકરભાઇ તડવીના (૧૯૭૭)રાઠવા પરના અને શ્રી મોહનભાઇ દલીના ઢોડિયા પરના(૧૯૭૬)પુસ્તકોમાં પણ જે તે જાતિના લોકસાહિત્યનાં કેટલાંક ઉદાહરણો મળે છે.



ગુજરાતની આદિવાસી જાતિઓ ઉપરના અંગ્રેજીમાંના મહત્વના શોધ ગ્રંથોમાં રેવ. થોમસન (૧૮૯૫), ડૉ. મહેતા (૧૯૩૩), ડૉ. મજૂમદાર (૧૯૪૪), ડૉ. નાયક (૧૯૫૬), શ્રી પી. જી. શાહ (૧૯૫૮, ૧૯૫૯, ૧૯૬૪), ડૉ. નાથ (૧૯૬૦), ડૉ. એબરહાર્ડ ફિશર અને શ્રી હકુ શાહ (૧૯૭૧, ૧૯૭૩), શ્રી દવે (૧૯૬૦), ડૉ. કોપર(૧૯૭૪) વગેરેના અભ્યાસોનો સમાવેશ થઇ શકે. આ ગ્રંથોમાં ભીલી ભાષા પરનું મિશનરી થોમસનનું વ્યાકરણ કદાચ સૌથી જૂનો ગ્રંથ હોવાની પૂરી સંભવિતતા છે. ડૉ. મજૂમદારનો ગ્રંથ મુખ્યત્વે શરીર કદમાપન અને લોહીજૂથના અભ્યાસ પર જ આધારિત છે. ડૉ. નાયકના ગુજરાતની આદિવાસી જાતિઓ પરના લગભગ પ્રારંભક( Pioneer કહી શકાય એવા આ અભ્યાસમાં, તેમની આગવી શૈલીમાં ભીલોના સાંસ્કૃતિક જીવનનાં અનેકવિધ પાસાંને આવરવાની સાથે સાથે ભીલી ભાષા અને લોકસાહિત્ય પર પણ એક ખાસ પ્રકરણ દ્વારા પ્રકાશ પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પ્રકરણમાં ભીલી સાહિત્યના મહત્વના પ્રકારોનાં ઉદાહરણો વગેરે ઉલ્લેખનીય છે. ડૉ. નાયકના અભ્યાસના (૧૯૫૬) પાયા પર જ આધારિત અન્ય અભ્યાસોમાં બે અભ્યાસી વહીવટકારો, શ્રી પી. જી. શાહ (૧૯૫૮, ૧૯૫૯, ૧૯૬૪) અને શ્રી પી. સી. દવે (૧૯૬૦)નો સમાવેશ થઇ શકે. શ્રી પી. જી. શાહ તેમના ગુજરાતની આદિવાસી જાતિઓ પરનાં ત્રણ ગ્રંથોમાં અભ્યાસ હેઠળની ત્રણ મહત્વની જાતિઓ દૂબળા, નાયક અને ધાનકાના સાંસ્કૃતિક જીવનનાં વિવિધ પાસાંને આવરવા ઉપરાંત તેમના લોકસાહિત્યને પણ આવરે છે. તેવું જ શ્રી પી. સી. દવેના ગરાસિયાઓ અંગેના અભ્યાસ અંગે પણ કહી શકાય. ડૉ. એબરહાર્ડ ફિશર અને શ્રી હકુ શાહના અભ્યાસો (૧૯૭૧, ૧૯૭૩)માં મોગરાદેવના સંદર્ભમાં કેટલાંક ગીતો (૩૦-૩૧), કથાઓ (૩૬) અને વેતરા ને ખંભાના સંદર્ભમાંની કેટલીક માન્યતાઓ વગેરેનો ખ્યાલ મળે છે. ડૉ. કોપરના ડાંગની આદિવાસી કળા પરના પ્રકાશનમાં પણ આવી કેટલીક સાંસ્કૃતિક માન્યતાઓનો અણસાર મળે છે.

(૨) સંશોધક દ્વારા વિવિધ ઉપાધિઓના એક ભાગ રૂપે તૈયાર થયેલ અપ્રકાશિત મહાનિબંધો અને લઘુનિબંધોને આદિવાસી લોકસાહિત્યના સંદર્ભમાં બે ભાગમાં વહેંચી શકાય :

(ક) માત્ર આદિવાસી લોકસાહિત્યની જ ચર્ચા કરતા નિબંધો (દા.ત. કુ.કમળાબહેન ગુમાનસિંહ ચૌધરી ૧૯૬૯, શ્રી જનકભાઇ ચીમનલાલ ગામીત ૧૯૭૧)

(ખ) આદિવાસી જાતિના સાંસ્કૃતિક જીવનના કેટલાંક પાસાંની ચર્ચાના સંદર્ભમાં લોકસાહિત્યનો નિર્દેશ કરતા નિબંધો (દા.ત. શ્રી છોટુભાઇ ખુશાલભાઇ ગામીત ૧૯૬૭, કુ.મણીબહેન દીનુભાઇ ચૌધરી ૧૯૭૧, કુ.લયુબહેન માંદિયાભાઇ ગામીત ૧૯૭૩, શ્રી સુરેન્દ્રકુમાર થાવરાજી ડામોર ૧૯૭૩, ડૉ.આશા સોલંકી ૧૯૭૩, ડૉ. સિધ્ધરાજ સોલંકી ૧૯૭૪)

ઉપરોક્ત બંને પ્રકારના નિબંધોમાંથી કેટલાક આદિવાસી લોકસાહિત્યનાં ઘણાંખરાં સ્વરૂપોનો સમાવેશ કરે છે. (દા.ત. કુ.દેવીબહેન ધનાભાઇ ચૌધરી ૧૯૭૧, કુ.મણીબહેન રૂસ્તમભાઇ ચૌધરી ૧૯૬૮, કુ.અરુણાબહેન દરજીભાઇ ચૌધરી ૧૯૭૪, શ્રી કટારા કનુભાઇ ધનજીભાઇ ૧૯૭૪) તો કેટલાક માત્ર લોકવાર્તાઓ (દા.ત. કુ.ઉષાબહેન સોમાભાઇ ચૌધરી ૧૯૭૨, કુ.નીરંજનાબહેન ચીમનલાલ ગામણી ૧૯૭૩, કુ.લીલાબહેન નાનુભાઇ ચૌધરી ૧૯૭૪) લોકગીતો (દા.ત. શ્રી નારૂભાઇ મછાર ૧૯૭૧, શ્રી મહેશભાઇ ઉદાભાઇ ખોખર ૧૯૭૧ કુ.જશુબહેન દેવજીભાઇ ચૌધરી ૧૯૭૨, કુ.મધુકાન્તા ઠાકોરભાઇ ચૌધરી ૧૯૭૨, કુ.મધુબહેન ખાનસિંહ ચૌધરી ૧૯૭૪, કુ.લીલાવતી માધુભાઇ ચૌધરી ૧૯૭૨, શ્રી કલાભાઇ નાજસિંહ મેડા ૧૯૭૩), ઉખાણાં (કુ.ચંપાબહેન માલાભાઇ ચૌધરી ૧૯૭૪) વગેરેનો સમાવેશ કરે છે. કેટલાક આ પેટા પ્રકારોમાંથી અમુક જ પ્રકાર કે પ્રસંગ (દા.ત.કુ. લક્ષ્મીબહેન છગનભાઇ પટેલ ૧૯૭૪, કુ.મણીબહેન કાળાભાઇ પરમાર ૧૯૭૪) તો કેટલાક પોતાના અધ્યયન વિશ્લેષણના કોઇક વિશિષ્ટ મુદ્દાના સંદર્ભમાં જ લોકસાહિત્યનો નિર્દેશ કરતો જોવા મળે છે. (દા.ત. શ્રી શંકરભાઇ બુધિયાભાઇ પટેલ ૧૯૬૭, ડૉ.આશા સોલંકી ૧૯૭૩, શ્રી રાજજીભાઇ ચીમરભાઇ રાઠવા ૧૯૭૩, ડૉ. સિધ્ધરાજ સોલંકી ૧૯૭૪, શ્રી ઉદાભાઇ પૂજાભાઇ ખરાડી ૧૯૭૪) કુ. અરુણાબહેન મકનજીભાઇ પટેલ ૧૯૭૦, શ્રી ગીજુભાઇ ચૌધરી ૧૯૭૦, શ્રી રામુભાઇ રૂસ્તમભાઇ ચૌધરી ૧૯૭૦,



કેટલીક આદિવાસી જાતિઓમાં પ્રચલિત વિશિષ્ટ સાહિત્યમાંથી અડગા (દા.ત. ડૉ. સિધ્ધરાજ સોલંકી ૧૯૭૪), ફૂક (દા.ત. પ્રભુ સોલંકી ૧૯૬૭, ડૉ. સિધ્ધરાજ સોલંકી ૧૯૭૪), ફૂડો (દા.ત. શ્રી હરજીભાઇ ડામોર વર્ષ ૧૯૬૯ / ડૉ. સિધ્ધરાજ સોલંકી ૧૯૭૪), વગેરેનો નિર્દેશ, પણ કેટલાક નિબંધોમાં જોવાં મળે છે. આ નિબંધો લોકસાહિત્યનાં કેટલાંક પાસાંના સંદર્ભમાં કાચી ઉપયોગી સામગ્રી પૂરી પાડે છે. જેમાંથી કેટલીક સામગ્રીનો, વિવિધ બોલીઓના પ્રાદેશિક, ભૌગોલિક, સામાજિક યાં સાંસ્કૃતિક પાયા પરના તુલનાત્મક વિશ્લેષણમાં ઉપયોગ થઇ શકે. વિવિધ વિસ્તારો અને જાતિઓના લોકસાહિત્યમાં જોવા મળતા સામ્ય અને વિભિન્નતા અંગે પણ વિગતે વિશ્લેષણ થઇ શકે એટલા પ્રમાણમાં આ સામગ્રી સંચિત થયેલી જોવા મળે છે.

(૩) આદિવાસી લોકસાહિત્ય ઉપરના છૂટક લેખોમાં ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિની લોકસાહિત્યમાળાના અને તેના પ્રકાશન લોકગુર્જરીમાંના (દા.ત. શ્રી શંકરભાઇ તડવી ૧૯૬૬ અ, ૧૯૭૪ ક, શ્રી ચંદ્રકાન્ત વાઘેલા ૧૯૬૬, શ્રી લાલચંદભાઇ નિનામા ૧૯૬૬, શ્રીમતી રેવાબહેન તડવી ૧૯૬૬ એ વગેરે) લેખો ઉપરાંત અન્યત્ર અન્ય સામયિકોમાં પ્રસિધ્ધ થયેલા આદિવાસી લોકસાહિત્ય પરના સચિત્ર લેખમાં 'વિદ્યાપીઠ' દ્વૈમાસિકમાં (દા.ત. ૧૯૬૯ ક) તેમજ અંગ્રેજી સામયિક Folklore માં (૧૯૬૯, ૧૯૭૧) પ્રકાશિત થયેલી ડૉ.શાન્તિભાઇ આચાર્યની વાર્તાઓ, આદિવાસી સંદેશમાં પ્રસિધ્ધ થયેલા ડૉ. સિધ્ધરાજ સોલંકીનાં ચૌધરી (આદિવાસી સંદેશ ૧૯૬૮ ક-ઘ), દુબળા-ગામીત, (આદિવાસી સંદેશ, ૧૯૬૯ છ, ૧૯૭૦ જ, ટ), કોટવાળિયા (આદિવાસી સંદેશ, ૧૯૭૦ક, ૧૯૭૧), વસાવા (આદિવાસી સંદેશ ૧૯૭૦ઇ), વગેરે આદિવાસી જાતિઓનાં ઉખાણાં, ગરાસિયા (આદિવાસી સંદેશ ૧૯૬૬), ચૌધરી (આદિવાસી સંદેશ ૧૯૭૦ ઝ) વ.નાં ગીતો, વસાવાની વાર્તા (આદિવાસી સંદેશ ૧૯૬૯ ચ) તથા તડવી દંપતિના લેખો (શ્રી શંકરભાઇ તડવી ૧૯૬૪, ૧૯૬૭ ક, ૧૯૭૩, શ્રીમતી રેવાબહેન તડવી તથા શ્રી શંકરભાઇ તડવી ૧૯૬૬, ૧૯૬૯, ૧૯૭૧, ૧૯૭૨, ૧૯૭૩ અ બ), સમાજકારણમાંનો લેખ (ડૉ. સિધ્ધરાજ સોલંકી ૧૯૭૭ બ) વગેરેનો સમાવેશ થાય છે. ડૉ.આચાર્ય બેએક આદિવાસી વાર્તાઓને સહેજ રૂપાંતરિત સ્વરૂપે ગુજરાતી છ અને સાત ધોરણનાં ગુજરાતી વાચનમાળાનાં પાઠ્યપુસ્તકોમાં પણ મૂકી છે તેનો પણ અત્રે ઉલ્લેખ કરવો જોઇએ (ડૉ.શાન્તિભાઇ આચાર્ય ૧૯૬૯ અ બ).

(૪) ગુજરાતના લોકસમુદાયના યા વિવિધ હિંદુ જ્ઞાતિઓ / જાતિઓ અને ઇતર ગુજરાતી ભાષી પ્રજાના લોકસાહિત્યની સાથે આદિવાસી લોકસાહિત્યને પણ ચર્ચામાં આવર્યાં હોય યા તેના જુદા જુદા પ્રકારોને આવરવામાં આવ્યા હોય તેવાં ઉદાહરણોમાં ગુજરાત લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ

તરફથી પ્રસિધ્ધ કરવામાં આવેલા લોકસાહિત્યના મણકાઓ મોખરે છે. (ગુજરાતી લોકસાહિત્ય માળા મણકા ૧ થી ૧૪, ૧૯૫૭-૧૯૭૧). આ મણકાઓમાં શ્રી મધુભાઇ પટેલ (૧૯૫૭) શ્રી લાલચંદભાઇ ધૂ. નિનામા (૧૯૫૯ અ,બ,ક, ૧૯૫૯, ૧૯૬૩), શ્રી શંકરભાઇ સોમાભાઇ તડવી (૧૯૫૯, ૧૯૬૩, ૧૯૬૬, ૧૯૬૭ અબ, ૧૯૬૮, ૧૯૭૧, તથા ૧૯૫૭ શ્રીમતી રેવાબહેન તડવી સાથે) અને શ્રીમતી રેવાબહેન તડવી (૧૯૫૯ ,૧૯૬૪, ૧૯૬૬ બ, ૧૯૭૧ તથા ૧૯૬૩ અ,બ, ૧૯૬૪, શ્રી શંકરભાઇ તડવી સાથે) શ્રી પુષ્કર ચંદરવાકર (૧૯૫૯, ૧૯૬૩), શ્રી વાડીલાલ ઠક્કર (૧૯૫૯), શ્રી રતિલાલ નાથજી પાઠક (૧૯૫૯), શ્રી રમેશ પાઠક (૧૯૫૯ ક-ઝ), શ્રી ચંદ્રકાન્ત વાઘેલા (૧૯૬૩), શ્રી વસંત જોધાણી (૧૯૬૬), શ્રીમતી કાન્તાબહેન ભગત અને શ્રી જયંતકુમાર ભગત (૧૯૬૪), શ્રી ડાહયાભાઇ પીપળગવાળા(૧૯૬૬), શ્રી જ. રા. ચૌધરી (૧૯૬૬ અ,બ), શ્રી પુરષોત્તમ સોલંકી (૧૯૬૮ અ,બ), શ્રી ચંદ્રિકા જોધાણી (૧૯૬૮), શ્રી ઘેલુભાઇ નાયક(૧૯૬૯), શ્રી સવિતા રાણપુરા (૧૯૬૯), શ્રી ચંદ્રશોભા દેશમુખ (૧૯૬૯ અ,બ), શ્રી દિનકરરાય વહોરા (૧૯૭૦), શ્રી ચુનીલાઇ ભટ (૧૯૬૭, ૧૯૭૦), શ્રી ઇન્દ્રશંકર રાવળ (૧૯૭૦) ઇત્યાદિ લોકસાહિત્યકારોએ, વિવિધ આદિવાસી જાતિઓના લોકસાહિત્યને સંચિત કર્યુ છે.

લોકસાહિત્યના આ મણકાઓ ઉપરાંત પુષ્કર ચંદરવાકરના નવા હલકામાં પણ કેટલાંક આદિવાસી ગીતોને આવરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અલબત્ત આ સંચયમાં 'શામળાજી ને મેળ' વાળું હકીકતે આ વિસ્તારના આદિવાસીઓમાં આજે યા ભૂતકાળમાં ય ન ગવાતું અને છતાંય આદિવાસી ગીત તરીકે જ ખોટી રીતે લોકમાન્યતામાં બારોબાર ગવાઇ ગયેલું એવું ગીત પણ સ્થાન પામ્યું છે. ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિનાં જ શ્રી વસંત જોધાણી સંપાદિત એક પ્રકાશનમાં (૧૯૭૨ : ૬૨) 'લોક હાલરડાં' અને ડાંગ જિલ્લાના ચૌધરીનું 'હાલરડું' એવા શીર્ષક હેઠળ બે આદિવાસી હાલરડાં મૂકયાં છે. ડૉ. એલ. ડી. જોષી (૧૯૭૬) સંપાદિત 'વાગડાનાં લોકગીતો'ના સંગ્રહમાંના મોટાભાગનાં લોકગીતો ગુજરાતની જ સરહદ પરના રાજસ્થાન -ના આદિવાસી વિસ્તારનો પરિચય આપે છે. જે તુલનાત્મક અભ્યાસમાં ઠીક ઠીક ઉપયોગી થઇ શકે એમ છે. જોરાવરસિંહ જાદવ (૧૯૭૪) સંપાદિત લોકસાહિત્યની અશ્વકથાઓમાં શ્રીમતી રેવાબહેન તડવી સંપાદિત એક અશ્વકથા મૂકવામાં આવી છે. તે જ રીતે સંખેડા મેવાસની લોકકથાઓ (શંકરભાઇ તડવી ૧૯૭૪ અ) તથા મેવાસની લોક સંસ્કૃતિ શ્રી શંકરભાઇ



તડવી ૧૯૭૪ બ) માં પણ તે વિસ્તારના આદિવાસીઓના લોકસાહિત્યને આવરવામાં આવેલ છે. (૫) માત્ર આદિવાસી લોકસાહિત્ય પર જ કોઇ પ્રકાશન હોય એવાં પ્રકાશન આંગળીને વેઢે ગણાય તેટલાં જ છે. આમાં સૌથી જૂના ગ્રંથરૂપે શ્રી નાથજી મહેશ્વર પાઠકનું દેવગઢબારિયા વિસ્તારના ભીલોના લોકગીતો પરનું 'ભીલોનાં ગીતો' નામનું પુસ્તક લેખી શકાય.

ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ તરફથી પ્રકાશિત થયેલ અને જેનો સમિતિના મણકાઓમાં પણ સમાવેશ થયેલો છે અને પંચમહાલનાં લોકગીતોના નામે અલગ શીર્ષકરૂપે પણ જે પ્રકાશિત થયેલ છે એવો આ સંચય પંચમહાલના ભીલોનાં હોળીનાં, મેળાનાં, ગોવાળિયાનાં, લડાઇનાં, બડવાનાં, પંચનાં, ભકિતગીતો, લગ્નગીતો અને પ્રેમવિષયક ગીતોને રજૂ કરે છે. શ્રી લાલચંદભાઇ નિનામા સંપાદિત ભીલોડી રામાયણ પંચમહાલના ભીલોમાં ગવાતા રામાયણને ભીલી બોલીમાં રજૂ કરે છે. આદિવાસી લોકસાહિત્યના સંચય પરથી નીકળતાં કેટલાંક મહત્વનાં તારણો નીચે પ્રમાણે છે :

(૧) આદિવાસી લોકસાહિત્યમાં પ્રકૃતિ અને પ્રાદેશિકતા બંનેને ઠીક ઠીક પ્રમાણમાં સ્થાન મળેલ છે. આસપાસની વનસ્પતિ, પશુપંખી અને કેટલાંક કુદરતી તત્વોને જે તે સમાજ પોતાની ભૌગોલિક સાંસ્કૃતિક પશ્ચાદભૂમિકામાં નિહાળે છે. તેથી કેટલીકવાર જે તે વિસ્તાર યા પ્રદેશમાંનો બહુજન સમાજ પરિચિત ન હોય એવી ચીજવસ્તુઓનો નિર્દેશ તેનાં વર્ણનો વગેરેમાં આવતો નથી. દા. ત. સાબરકાંઠાના શામળાજી વિસ્તારના ગરાસિયા આદિવાસીઓના લોકસાહિત્યના અધ્યયન પરથી જોઇ શકાય છે કે તેમાં દરિયાનો નિર્દેશ, લોકવાર્તાઓ, ગીતો, ઉખાણાં, કહેવતો તેમજ હૂડ વગેરેમાંથી કોઇ સ્થળે આવતો જણાયો નથી. (ડૉ. સિધ્ધરાજ સોલંકી ૧૯૭૭ અ), જયારે દક્ષિણ ગુજરાતની દરિયાથી પરિચિત એવી આદિવાસી જાતિઓની કહેવતો , ઉખાણાં અને લોકગીતો વગેરેમાં દરિયાની ઉપમાઓ અને વર્ણનો પણ દેખા દે છે. ખજૂરી, તાડ યા નાળિયેરીનાં વૃક્ષો શામળાજીના ગરાસિયા વિસ્તારમાં ખાસ જોવા મળતાં નથી. ગરાસિયા આદિવાસી લોકસાહિત્યમાં આ વૃક્ષોનાં વર્ણનો યા તેમના પરની ઉકિતઓ-ઉખાણાંનો અભાવ વર્તાય છે. જયારે દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતની રાઠવા, વસાવા, તડવી, ઢોડિયા, નાયકા, કોંકણા, કુનબી, કોટવાળિયા, ચૌધરી વગેરે આદિવાસી જાતિઓમાં બે ત્રણથી માંડીને પાંચ છ જેટલાં ઉખાણાં તેમજ કહેવતો ઉપમાઓ વગેરે જોવા મળે છે. તાડી અને તેના માટલા પરની ઉકિતઓ અને ઉખાણાં મધ્ય ગુજરાતમાં અને દક્ષિણ ગુજરાતમાં લગભગ બધી જ આદિવાસી જાતિઓમાં જોવા મળે

છે. કારણ કે તે તેમના પોતાના પ્રણાલિકાગત સાંસ્કૃતિક જીવનનું સુપરિચિત અંગ છે. ઉત્તર ગુજરાતની મોટા ભાગની આદિવાસી જાતિઓ સામાન્ય રીતે તાડીથી પરિચિત નથી. તેથી ત્યાં તાડીને લગતાં ઉખાણાંનો અભાવ વરતાય છે.

(૨) વિવિધ આદિમ જાતિઓમાં સામાન્ય રીતે લોકગીતો વગેરેમાં પ્રકૃતિની જેમ પ્રાદેશિકતાને પણ ઠીક ઠીક પ્રમાણમાં સ્થાન મળેલ છે. સામાન્ય રીતે તેમનાં લોકગીતો વગેરે માં, અડોશપડોશનાં શહેરો વગેરેનો નિર્દેશ આવે છે. દા.ત. સુરત જિલ્લાના ચૌધરીઓ, ગામીતો વગેરેનાં ગીતોમાં સુરત શહેરનો અને વ્યારા બારડોલીનો, રાઠવા અને તડવીઓનાં ગીતોમાં વડોદરાનો, શામળાજી વિસ્તારના ગરાસિયા આદિવાસીઓનાં ગીતોમાં અમદાવાદ, મોડાસા, ઇડર, હિંમતનગર (અહમદનગર), પાલ, ભીલોડા, શામળાજીનો અને પોશીના સણાલી વિસ્તારના ગરાસિયાઓ, ભીલો, ભીલ ગરાસિયાઓના લોકસાહિત્યમાં માઉન્ટ આબુ, દાંતા, અંબાજી વગેરેનો નિર્દેશ મળે છે.

કેટલીકવાર આદિવાસીઓની દ્રષ્ટિએ ખૂબ દૂરનાં મોટાં અને વિખ્યાત શહેરો યા પાટનગરો, મહાનગરો, મુંબઇ, દિલ્હી, અમદાવાદ વગેરે ખાસ કરીને તેમનાં લોકગીતોમાં દેખા દે છે. પણ તેનાથી નજીકનાં અન્ય શહેરોના નામનિર્દેશનો અભાવ વરતાય છે. કેટલાંક ગીતોમાં આવાં શહેરોની રંગીન ભભકભરી દુનિયા પ્રતિબિંબિત થતી હોય છે.

(૩) આદિવાસી લોકસાહિત્યમાં પોતાના વિસ્તારમાંનાં કેટલાંક સુપ્રસિધ્ધ સ્થળો યા હિંદુ, જૈન તીર્થધામો વગેરે અંગેની, જે તે આદિવાસી જાતિની સાંસ્કૃતિક પાશ્ચાદભૂમિકાની અંદરની કિંવદંતીઓ વગેરે પણ જોવા મળે છે. અને તેમાં કેટલીકવાર ગૂઢ, અગમ્ય તત્વોનો આશ્રય પણ લેવાતો હોય છે. આવી કિંવદંતીઓ સામાન્ય રીતે જે તે સ્થાન સાથેનો જે તે જાતિનો સાચો યા કાલ્પનિક સંબંધ જોડવામાં અથવા જે તે સ્થાનને પોતાની જાતિની સાંસ્કૃતિક પશ્ચાદભૂમિકા સાથે સાંકળવામાં સહાયભૂત થાય છે. પોશીના, સણાલી, દાંતા વિસ્તારના ગરાસિયા અને ભીલ યા ભીલ ગરાસિયા આદિવાસીઓની બાધા, માનતાઓમાં, સમખાવામાં, અણીટાણે યાદ કરવામાં અને કેટલાક ભકતનાં ભજનોમાં અંબાજીએ, અને શામળાજી અને તેની આસપાસના ગરાસિયા આદિવાસીઓના સાંસ્કૃતિક જીવનમાં શામળાજીએ 'કાળોજી બાવસી' તરીકેનું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. આવાં જ ઉદાહરણો ગુજરાતના અન્ય આદિવાસી વિસ્તારો અને તેના સ્થાનિક લોકસાહિત્યમાં પણ જોવા મળે છે. કેટલીકવાર આવાં તીર્થસ્થાનોનાં નામ આદિવાસી બોલીઓમાં અલગ પણ હોય છે. (દા.ત. શામળાજીના ગરાસિયા આદિવાસીઓ શામળાજીની પ્રતિમા શ્યામ હોવાથી 'કાળોજી બાવસી-કાળા ભગવાન '



તરીકે ઓળખતા) લોકસાહિત્યમાં આવા દેવનું સ્થાન હોવા છતાં અન્ય અડોશ પડોશના હિંદુઓ યા જૈનો વગેરે અને જે રીતે જે ઢબે પૂજતા હોય તે જ ઢબે આદિવાસીઓ પૂજે એવું નથી. કેટલેક સ્થળે તેનું લોકસાહિત્યમાં ય સ્થાન હોય, જે તે સ્થળ ભરાતા મેળાઓ વગેરેમાં પણ તેઓ જતા હોય અને જે તે દેવને તેઓ નમતા હોય તો પણ, તેના દર્શને ન યે જતા હોય એવું પણ ઘણે સ્થળે જોવા મળે છે. એની બાધા માનતાની કેટલીક ઢબ, યા તિથિઓ વગેરે પણ જુદી હોય એવું પણ ઘણે સ્થળે જોવા મળે છે. સંસ્કૃતિકરણની અસર હેઠળ કેટલેક સ્થળે આવાં તીર્થસ્થાનોમાંના મુખ્ય મંદિરમાં દર્શનાર્થે જનાર આદિવાસીઓની સંખ્યા વધી હોય, અને ક્રમશઃ તેણે પોતાના કેટલાક પ્રણાલિકાગત સાંસ્કૃતિક દેવોને તજ્યા હોય યા બંનેની અંદર એકી સાથે આસ્થા ધરાવતો હોય અને તીર્થધામના દેવને અનેક દેવોમાંના એક વધારાના દેવ તરીકે સ્વીકારેલ હોય, અને છતાં લોકસાહિત્યમાં પ્રણાલિકાગત દેવ ચાલુ હોય યા પ્રણાલિકાગત દેવનું સ્થાન કોઇ લોકગીતોમાં નવા સ્થાનિક દેવે લીધેલું હોય તેવાં ઉદાહરણો મળેલાં.

(૪) લોકસાહિત્યમાં લોકવાર્તાઓ, કહેવતો, ઉખાણાં વગેરેની તુલનામાં જેમ સમાજ સાંસ્કૃતિક સંપર્કની અસર હેઠળ આવે તેમ લોકગીતોમાં ગુજરાતીકરણની સવિશેષ અસર આવતી હોય એમ જણાય છે. ધોડિયા, ચૌધરી, વસાવા, ગરાસિયા, ગામીત, તડવી વગેરે જાતિઓનાં સંખ્યાબંધ લગ્નગીતો, જાણે કોઇ ગુજરાતીભાષી હિંદુ જ્ઞાતિનાં લગ્નગીતો ન હોય એવો ભાસ ઉભો થાય એવાં હોય છે. જેમાં અડોશ પડોશની હિંદુ જ્ઞાતિઓની ઢબ, છબ વગેરેની સ્પષ્ટ અસર વરતાતી હોય છે. પણ જો ઝીણવટપૂર્વક વિગતે આ ગીતો વગેરેનો અભ્યાસ કરવામાં આવે તો જે તે જાતિનાં સાંસ્કૃતિક જીવનનું પ્રતિબિંબ પણ તેમાંથી અછતું નથી રહી શકતું.

લોકગીતો પછીની અસર કેટલીક લોકવાર્તાઓ પર પડેલી જઇ શકાય છે. આવી વાર્તાઓમાં સમગ્ર વર્ણન જે તે બોલીમાં જ રહે પણ તેમાં કવચિત્ ગુજરાતી શબ્દો આવી જતા હોય એવાં ઉદાહરણો લગભગ બધેથી મળે છે. કહેવતો અને ઉખાણાં, તેમજ શામળાજીના ગરાસિયાઓની હૂડ જેવા કેટલાક ઝડપથી જ બોલાતા અને મહદંશે ભાષકવકતા દ્વારા કંઠસ્થ થયેલા હોય એવા લોકસાહિત્યમાં, જે તે બોલીનું મૂળ તત્વ, સવિશેષ પ્રમાણમાં જોઇ શકાય છે.

(૫) લોકસાહિત્યમાં વપરાતી સગાઇસંબંધ શબ્દાવલી પર પણ અન્ય અડોશ પડોશની હિંદુ જ્ઞાતિઓ અને ગુજરાતી ભાષાની અસર વરતાતી જોઇ શકાય છે. મોટા ભાગની આદિવાસી જાતિઓમાં ગુજરાતી ભાષા કરતાં, બધાં પ્રાથમિક સગાં માટેના સગાઇસંબંધ સંબોધન અને

સગાઇસંબંધ સંદર્ભ શબ્દો જૂદા છે. અન્ય કેટલાક સગાઇસંબંધ સંદર્ભ શબ્દો અને સગાઇસંબંધ સંબોધનશબ્દો પણ જુદા છે.

વિવિધ શૈક્ષણિક અને સાંસ્કૃતિક પશ્ચાદભૂમિકાવાળા આદિવાસી વાર્તાકારો દ્વારા કહેવાતી એક જ વાર્તામાં વપરાતા સગાઇસંબંધ સંબોધનશબ્દો, કે સગાઇસંબંધ સંદર્ભ શબ્દોમાં પણ ગુજરાતીકરણની અસર જુદા જુદા પ્રમાણમાં જોવા મળતી હોય તેવાં ઉદાહરણો પણ સંશોધકને મળેલાં.

(૬) કેટલીક વિશિષ્ટ સાંસ્કૃતિક રસમો લોકસાહિત્યમાં દેખા દેતી હોય છે. દા.ત. પશુપાલક રબારીઓનાં વર્ણનો વગેરેમાં તેનો પશુપાલનનો વ્યવસાય સતત ડોકિયાં કરતો હોય છે. થોડી મોટી થયેલી કન્યાને મા વઢતી હોય ત્યારે 'ઊંટને મીઠું દે તેવડી મોટી થઇ હોવાની ઉપમા' અથવા પોતે જાજરૂ જઇ શકે એવા બે અઢી વર્ષના બાળકને 'જ્યાં ત્યાં શું પાદળા પાડયા કરે છે'?ના અપાતા ઉપાલંભમાં સ્વાભાવિક રીતે જ રબારી પશુપાલક જીવનની સ્પષ્ટ અસર વરતાય છે. તેવું જ કાથોડીમાં કાથાની બનાવટની, કોટવાળિયામાં વાંસનાં ટોપલાં ને છાબડીઓની અને કૃષિકાર આદિવાસી જાતિઓમાં ખેતીની સાથે સંકળાયેલી સંખ્યાબંધ ઉક્તિઓ જોવા મળે છે.

(૭) ગુજરાતી હિંદુ જ્ઞાતિઓની ગુજરાતના આદિવાસી લોકસાહિત્ય પર ઠીક ઠીક પ્રમાણમાં અસર પડી હોય એમ જણાય છે. અગાઉ નિર્દેશ કર્યો છે તે પ્રમાણે સંસ્કૃતિકરણની સ્પષ્ટ અસર તો કેટલીક આદિવાસી જાતિઓના લોકસાહિત્ય અને વર્તનઢબ પર વરતાય જ છે. આ ઉપરાંત પણ કેટલીક કહેવાતી ઊંચી હિંદુ જ્ઞાતિઓની કેટલાક બાહ્યાચારો- નિરમિષાહાર, જનોઇ, બ્રાહ્મણને લગ્નમાં સ્થાન, ગાયનું ઊંચું સ્થાન તેનો આહારમાં ઉપયોગ ન થઇ શકે એવી માન્યતા, અને આવી સંખ્યાબંધ બાબતોને તેમણે અન્ય અડોશ પડોશની હિંદુ જ્ઞાતિઓ પાસેથી અપનાવેલ છે. આ નવી વર્તનઢબનો નિર્દેશ, તેમનાં કેટલાંક લોકગીતો અને વાર્તાઓ ઉપરાંત સામાન્ય રીતે ભજનમંડળીઓમાં કહેવાતી વાર્તાઓ તેમજ ગવાતાં ભજનોમાં સવિશેષ હાવતો હોય છે. અલબત્ત ગીતો તેમજ પૌરાણિક કથાઓ વગેર જે તે જાતિને અનુરૂપ આવા સ્વરૂપમાં ઢાળવામાં આવતાં હોય એવાં ઉદાહરણો પણ મળે છે.

(૮) આદિવાસી લોકસાહિત્યમાંનાં કેટલાંક કથાવસ્તુ ભૌગોલિક રીતે ઠીક ઠીક અંતરની અને સીધા સાંસ્કૃતિક સંપર્ક વિનાની એવી આદિવાસી જાતિઓમાં પણ એકી સાથે જોવા મળે છે.



દા.ત. ઓટલા અને રોટલા અંગેનું ઉખાણું ઉત્તર ગુજરાતની ગરાસિયા, ડુંગરી ગરાસિયા, નાયક, કાથોડી, ભીલ વગેરે આદિવાસી જાતિમાં મળેલું. મધ્ય ગુજરાતના ભીલો, તડવી, વસાવા, રાઠવા વગેરેમાં પણ તે પ્રચલિત છે. અને દક્ષિણ ગુજરાતની સુરત જિલ્લાની ચૌધરી, ગામીત, ઢોડિયા અને ધરમપુર વિસ્તારની ઢોડિયા, કોકણા અને વારલી આદિવાસી જાતિઓમાં પણ તેનો લગભગ એ જ સ્વરૂપે નિર્દેશ મળેલો. તે જ રીતે બહુપત્નીપ્રથા હેઠળ અનેક પત્નીઓની વિવિધ ઘરેણાં અને પોશાકની માગણીઓને ન સંતોષી શકતા પતિનું રમુજી વર્ણન જેમ ગુજરાત રાજસ્થાનની સરહદ પરની ગરાસિયા, ડુંગરી ગરાસિયા, ડામોર, ભીલ વગેરે આદિવાસી જાતિઓમાં જોવા મળે છે તેમ છેક ધરમપુર વિસ્તારના ધોડિયાઓમાં પણ જોવા મળે છે.

(૧૦) લોકસાહિત્યનાં કેટલાંક સ્વરૂપો એક જ વિસ્તારની જુદી જુદી આદિવાસી જાતિઓમાં પણ એકી સાથે જોવા મળતાં હોય તેવાં ઉદાહરણો પણ જોવા મળે છે. દા.ત. 'હૂડો' દિવાળી ટાણે ઉત્તર ગુજરાતની અને દક્ષિણ રાજસ્થાનની ગરાસિયા, ડુંગરી ગરાસિયા, ભીલ અને ડામોર આદિવાસી જાતિઓમાં ગવાતું દીર્ઘ ગીત છે. અને આ બધી આદિવાસી જાતિઓમાં મૂળ એક કથાનાયક છે. અને એક જ મહત્વનાં પાત્રો સમેત પણ થોડાં જુદાં જુદાં વર્ણનો સાથે હૂડો ગવાતાં જોવા મળે છે. તેને ગાવાની રીતમાં પણ પ્રમાણમાં થોડું સામ્ય જોવા મળે છે. આ હૂડોને ડુંગરી ગરાસિયાઓ જેવી કેટલીક જાતિઓ પોતાના પ્રણાલિકાગત પૂર્વજોની ગાથા તરીકે ઓળખાવે છે. (ડૉ. સિધ્ધરાજ સોલંકી : ૧૯૭૩) તેવી જ માન્યતા અન્ય આદિવાસી જાતિઓમાં પણ પ્રચલિત છે કે કેમ તે અંગેનું સંશોધન પણ થઇ શકે.

(૧૧) લોકસાહિત્યમાં જે તે સમાજનાં પ્રણાલિકાગત મૂલ્યો, સામાજિક પ્રથાઓ, રીતરિવાજો પણ કેટલીકવાર પ્રતિબિંબિત થતાં જોઇ શકાય છે. દા.ત. દક્ષિણ ગુજરાતની ચૌધરી, ઢોડિયા, વગેરે આદિવાસી જાતિઓમાં વાર્તાઓ યા ગીતોમાં સહજ રીતે જ કન્યાની જાનના નિર્દેશો જોવા મળે છે. અમલાં જવાની પ્રથાનો ગરાસિયા, ભીલ વગેરે આદિવાસી જાતિઓની વાર્તાઓ, ગીતો વગેરેમાં નિર્દેશ મળે છે. તેવું જ કન્યા વિક્રય, દાપુ વગેરે પ્રથાઓ અંગે પણ કહી શકાય.

કેટલાંક વિશિષ્ટ સામાજિક મૂલ્યો, પણ વાર્તા, લોકગીત કે ઉખાણાં-કહેવત વિષયક વિષયવસ્તુ નિયત કરવામાં ભાગ ભજવતાં હોય છે. દા.ત. ડાંગના ભીલો યા સુરત જિલ્લાના ગામીતોમાં મમા ફોઇનાં સંતાનો વચ્ચેનાં લગ્ન એક સમાજ માન્ય સહજ સામાજિક પ્રથા છે. જયારે પંચમહાલના ભીલો કે ઉત્તર ગુજરાતના આદિવાસીઓમાં આવાં થોડાંક દૂરનાં સગાં વચ્ચેનો પ્રણય સંબંધ પણ લોકગીત, કથાવાર્તા કે ઉક્તિમાં મશ્કરી, ટીકા કે વ્યંગનો વિષય બની જાય છે.

(૧૨) ભીલ, ઢોડિયા, ચૌધરી, ગરાસિયા જેવી કેટલીક આદિવાસી જાતિઓમાં સામાન્ય રીતે લગ્ન વખતે ગવાતાં ગીતોમાં બે પ્રકાર જોવા મળે છે.

૧. લગ્નની વિવિધ વિધિઓ વખતે ગવાતાં ગીતો અને

૨. ઠેકવા નૃત્ય વખતે ગવાતાં ગીતો.

લગ્નની વિવિધ વિધિઓ વખતે ગવાતાં ગીતો સામાન્ય રીતે અન્યત્ર અન્ય હિંદુ જ્ઞાતિઓમાં પણ જોવા મળે છે. તેમ સ્વપક્ષ સ્તુતી પરપક્ષ નિંદાના ભાવવાળાં હોય છે. જયારે ખાસ કરીને ઉત્તર અને મધ્ય ગુજરાતની ગરાસિયા, નાયક, ભીલ વગેરે આદિવાસી જાતિઓમાં 'ઠેકવા' નૃત્ય વખતે ઘટનાપ્રધાન ગીતો ગવાય છે. આવાં ગીતોના વિષયવસ્તુમાં સામાન્ય રીતે જે તે સમાજની દ્રષ્ટિએ ધ્યાન ખેંચે એવા વાસ્તવિક ઘટનાલક્ષી શૌર્ય યા પ્રણય પ્રસંગને વણી લેવામાં આવે છે. (ડૉ. સિધ્ધરાજ સોલંકી ૧૯૭૪) આવા સાચા વાસ્તવિક ઘટનાલક્ષી પ્રસંગમાં ઘણુંખરું કાળજાના રંગો પૂરાતા હોય છે. અને કેટલાંક વર્ણનોમાં વાસ્તવિક હકીકતના પ્રમાણમાં અતિશયોક્તિનો ભાવ પણ વ્યક્ત થતો હોય છે.

(૧૨) ઉત્તર ગુજરાતની ગરાસિયા, ભીલ વગેરે આદિવાસી જાતિઓમાં ઘટનાલક્ષી પ્રસંગ ગીતો સામાન્ય રીતે ઠેકવા નૃત્ય કરતાં ગવાતાં હોય છે. તેથી તેમાં નૃત્યનો લય, ગતિ સામાન્ય રીતે ધીમાં હોય છે. જયારે દક્ષિણ ગુજરાતમાં, અને મધ્ય ગુજરાતમાં લગ્ન વખતનાં કેટલાંક નૃત્યો વખતે નૃત્યકારોને ગીત ગાવાનું હોતુ નથી તેથી તેઓ ગીત ગાવા કરતાં નૃત્યમાં પોતાની શકિત વધાર કેન્દ્રિત કરી શકતા હોવાથી ઉત્તર ગુજરાતની આદિવાસી જાતિઓની તુલનામાં તેમનાં નૃત્યો પ્રમાણમાં વધાર ઝડપી અને વૈવિધ્યસભર હોય છે. ગીતોની શબ્દ પસંદગી, દીર્ઘતા વગેરે પર પણ આવી બધી બાબતોની અસર પડતી હોય છે.

(૧૩) આદિવાસી લોકસાહિત્યમાં તેની સાંસ્કૃતિક પશ્ચાદભૂમિકાનાં અનેકવિધ પાસાં ડોકિયાં કરે છે. દા.ત. તેમાં કેટલીકવાર વિનિમય પ્રથાનો નિર્દેશ હોય છે. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના આદિવાસીઓની ડુમડુમાડુમ વાર્તા (ડૉ. શાન્તિભાઈ આચાર્ય ૧૯૬૪) તેનું સરસ ઉદાહરણ છે.

આદિવાસી લોકસાહિત્યમાં પ્રણાલિકાગત વ્યવસાયો, અને બદલાયેલી પ્રથા હેઠળના નવતર વ્યવસાયો પણ દેખા દે છે. પ્રણાલિકાગત સામાજિક સંગઠનો ગોત્ર, અટકો, પ્રણાલિકાગત દેવદેવીઓ, તેમજ સગાસંબંધીઓ, તેમની ભૂમિકાઓ, સૂર્ય, ચંદ્ર, તારા, માનવ, પશુપંખીઓ અને બ્રહ્માંડની ઉત્પત્તિ અંગેની પ્રણાલિકાગત માન્યતાઓ પણ તેમાં પ્રતિબિંબિત થતી જોવા મળે છે.



(૧૪) ગુજરાતની આદિવાસી જાતિઓના લોકસાહિત્યમાં પણ સંસ્કૃતિકરણ, ગ્રામ્યકરણ, શહેરીકરણ અને ગુજરાતીકરણની દિશાનાં કેટલાંક પ્રાથમિક મંડાણ જોઈ શકાય છે.

અન્ય અડોશ પડોશની હિંદુ જ્ઞાતિઓની અસર હેઠળ, કેટલીક પ્રણાલિકાગત આહાર વિહાર વિષયક માન્યતાઓનો નિર્દેશ લોકસાહિત્યમાંથી પણ સરવા માંડયો હોય, નવાં ગુજરાતી નામો લોકસાહિત્યમાં પણ પ્રવેશ્યાં હોય, વનવાસી પ્રવાસી જૂથને બદલે સ્થાઈ ગ્રામ્યવાસી વસાહતી જૂથ તરીકે જે તે જાતિ સ્થાપિત થઈ ચૂકી હોય, યા શહેરનાં ઝાકઝમાળથી મુગ્ધ હોય એવાં વર્ણનો આદિવાસી લોકસાહિત્યમાં પણ ડોકિયાં કરતાં જોઈ શકાય છે.

(૧૫) આદિવાસી લોકસાહિત્યના કેટલાક પ્રકારો, અન્ય પ્રકારોની તુલનામાં સવિશેષ પંરપરાગત હોવાની સંશોધકની છાપ છે. દા.ત. લોકવાર્તાઓ, ઉખાણાં, કહેવતો વગેરે લોકગીતોની તુલનામાં દીર્ઘજીવી હોવાની સંભાવના છે. કેટલાંક ઘટનાલક્ષી લોકગીતો થોડાંક વર્ષો કે દાયકાઓમાં ભૂલાઈ જાય છે અને એનું સ્થાન નવસર્જકો દ્વારા રચાયેલાં, નવાં ગીતો લેતાં હોય છે. આમ કેટલાંક પાસાંમાં સર્જન વિસર્જનની પ્રક્રિયા, અન્ય પાસાંની તુલનામાં વધાર ઝડપી હોય છે. આ પ્રક્રિયા દ્વારા નવસર્જકોને અભિવ્યકિતની તક પૂરી પડે છે. તેમજ કેટલીકવાર હાસ્યગીત યા વ્યંગનો વિષય બની જવાની ભીતી કેટલીક સમાજ અમાન્ય યા અલ્પમાન્ય જાહેર વર્તનઢબ પર અંકુશ મૂકે છે. આમ આવાં સતત રચાતાં અનામી, બેનામી ગીતો હળવા સામાજિક નિયંત્રક તરીકેનું કાર્ય પણ બજાવે છે.

(૧૬) લોકસાહિત્યમાં જે તે વિસ્તારની અન્ય પડોશી આદિવાસી જાતિઓ અને હિંદુ જ્ઞાતિઓ વચ્ચેના આંતરસંબંધો, તે જ સમાજ તરફ જોવાનો, તેનો પ્રસંશક યા ટીકાત્મક, વ્યંગાત્મક સામાજિક દ્રષ્ટિકોણ, અને જે તે સમાજના પ્રણાલિકાગત યા પરિવર્તિત સામાજિક જીવનમાંના તેના સંબંધો વગેરેનો નિર્દેશ પણ કવચિત લોકસાહિત્યમાંથી મળે છે.

(૧૭) લોકસાહિત્યમાંનાં કેટલાંક વર્ણનો એક બાજુથી વાસ્તવદર્શી અને હકીકતની લાઘવબધ્ધ સચોટ રજૂઆત કરનારાં હોય છે. તો બીજી બાજુ કેટલાંય વર્ણનો કલ્પનારંગસભર કેવળ આદર્શલક્ષી, અતિશયોક્તિસભર અને આદર્શ અને વ્યવહાર એ બંને વચ્ચેના સ્પષ્ટ વાસ્તવિક અંતરનો ખ્યાલ આપનારાં પણ હોય છે. કેટલીકવાર લોકસાહિત્યમાં એક બાજુથી કેટલાંક પ્રણાલિકાગત મૂલ્યોનો નિર્દેશ જોવા મળે છે. તો બીજી બાજુથી કેટલાંક નવતર મૂલ્યોને પણ

કુ.ગામીત, લચુબહેન માંદિયાભાઇ,૧૯૭૩ : ધજંબાના ગામીતો, જન્મ, લગ્ન અને કુટુંબ જીવન, ગૂજરાત વિદ્યાપીઠના મ.દે.સમાજસેવા મહાવિદ્યાલયનો સ્નાતક કક્ષાનો અપ્રકાશિત લઘુ નિબંધ, અમદાવાદ

કુ.ચૌધરી, અરૂણાબહેન દરજીભાઇ,૧૯૭૪ : કલમકૂઇ ગામને કેન્દ્રમાં રાખીને ચૌધરી આદિવાસીઓ-નું લોકસાહિત્ય, ગુજરાત વિદ્યાપીઠના મ.દે.સમાજ-સેવા મહાવિદ્યાલયનો સ્નાતક કક્ષાનો અપ્રકાશિત લઘુ નિબંધ, અમદાવાદ.

કુ.ચૌધરી, ઉષાબહેન સોગાભાઇ, ૧૯૭૨ : ચૌધરી વાર્તાઓ, ગૂજરાત વિદ્યાપીઠના મ.દે.સમાજ-સેવા મહાવિદ્યાલયનો સ્નાતક કક્ષાનો અપ્રકાશિત લઘુ નિબંધ, અમદાવાદ.

કુ.ચૌધરી, કમળાબહેન ગુમાનસિંહ,૧૯૬૯ : ગામીત આદિવાસીઓનું લોકસાહિત્ય (સોનગઢ તાલુકાને કેન્દ્રમાં રાખીને),ગૂજરાત વિદ્યાપીઠના મ.દે.સમાજ-સેવા મહાવિદ્યાલયનો સ્નાતક કક્ષાનો અપ્રકાશિત લઘુ નિબંધ, અમદાવાદ.

શ્રી ચૌધરી, ગીજુભાઇ ભંગીઆભાઇ, ૧૯૭૦ : વસાવા આદિવાસી જાતિનું લોકસાહિત્ય, ગૂજરાત વિદ્યાપીઠના મ.દે.સમાજસેવા મહાવિદ્યાલયનો સ્નાતક કક્ષાનો અપ્રકાશિત લઘુ નિબંધ, અમદાવાદ.

કુ.ચૌધરી, ચંપાબહેન માલાભાઇ, ૧૯૭૪ : ચૌધરી આદિવાસી જાતિનાં ઉખાણાં, ગૂજરાત વિદ્યાપીઠ-ના મ.દે.સમાજસેવા મહાવિદ્યાલયનો સ્નાતક કક્ષાનો અપ્રકાશિત લઘુ નિબંધ, અમદાવાદ.

શ્રી ચૌધરી,જ. રા., ૧૯૬૬ અ : 'સોનગઢ વ્યારા પ્રદેશનાં લોકગીતો', ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૫, પૃ. ૨૦૧, અમદાવાદ.

૧૯૬૬ બ : 'છોટાઉદેપુર તરફના રાઠવા કોળીનાં લોકગીતો' ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૫, પૃ. ૨૦૫, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

કુ.ચૌધરી,જશુબહેન દેવજીભાઇ, ૧૯૭૨ : ચૌધરી સમાજ અને તેમનાં લગ્નગીતો, ગૂજરાત વિદ્યાપીઠના મ.દે.સમાજસેવા મહાવિદ્યાલયનો સ્નાતક કક્ષાનો અપ્રકાશિત લઘુ નિબંધ, અમદાવાદ.

કુ.ચૌધરી, દેવીબહેન ધનાભાઇ, ૧૯૭૧ : જડકૂવા ગામને કેન્દ્રસ્થાને રાખીને ગામીત લોકસાહિત્ય, ગૂજરાત વિદ્યાપીઠના મ.દે.સમાજસેવા મહાવિદ્યાલયનો સ્નાતક કક્ષાનો અપ્રકાશિત લઘુ નિબંધ, અમદાવાદ

કુ. ચૌધરી, મણીબહેન દીનુભાઇ, ૧૯૭૧ : મોટી ચૌધરીના લોકસાહિત્યમાં વ્યક્ત થતું સમાજ-જીવન, ગૂજરાત વિદ્યાપીઠના મ.દે.સમાજસેવા મહાવિદ્યાલયનો સ્નાતક કક્ષાનો અપ્રકાશિત લઘુ નિબંધ, અમદાવાદ.

કુ. ચૌધરી, મણીબહેન રૂસ્તમભાઇ, ૧૯૬૮ : ચૌધરી આદિવાસીઓનું લોકસાહિત્ય(મઢી ગામને કેન્દ્રમાં રાખીને), ગૂજરાત વિદ્યાપીઠના મ.દે. સમાજસેવા મહાવિદ્યાલયનો સ્નાતક કક્ષાનો અપ્રકાશિત લઘુ નિબંધ, અમદાવાદ.

કુ. ચૌધરી, મધુબહેન ખાનસિંહ, ૧૯૭૪ : ચૌધરી લોકગીતો, ગૂજરાત વિદ્યાપીઠના મ.દે. સમાજસેવા મહાવિદ્યાલયનો સ્નાતક કક્ષાનો અપ્રકાશિત લઘુ નિબંધ, અમદાવાદ.

શ્રી ચૌધરી, રામુભાઇ રૂસ્તમભાઇ, ૧૯૭૦ : નાના ચૌધરી આદિવાસી જાતિનું લોકસાહિત્ય, ગૂજરાત વિદ્યાપીઠના મ.દે.સમાજસેવા મહાવિદ્યાલયનો સ્નાતક કક્ષાનો અપ્રકાશિત લઘુ નિબંધ, અમદાવાદ.

કુ. ચૌધરી, લીલાબહેન નાનુભાઇ, ૧૯૭૪ : ચૌધરી વાર્તાઓ, ગૂજરાત વિદ્યાપીઠના મ.દે. સમાજસેવા મહાવિદ્યાલયનો સ્નાતક કક્ષાનો અપ્રકાશિત લઘુ નિબંધ, અમદાવાદ.

કુ. ચૌધરી, લીલાવતી માછુભાઇ, ૧૯૭૨, : ચૌધરી કોમનાં લગ્નગીતો, ગૂજરાત વિદ્યાપીઠના મ.દે. સમાજસેવા મહાવિદ્યાલયનો સ્નાતક કક્ષાનો અપ્રકાશિત લઘુ નિબંધ, અમદાવાદ.

શ્રી ચંદરવાકર, પુષ્કર, ૧૯૫૬ : નવો હલકો, શ્રી પોપ્યુલર બુક સ્ટોર, સુરત.

૧૯૫૯ : 'પઢારનાં લોકગીતો', ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૨, પૃ.૫૪, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૬૩ : પઢારનાં ગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૩, પૃ.૮૯, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

શ્રી જાદવ, જોરાવરસિંહ, ૧૯૭૪ : લોકસાહિત્યની અશ્વ કથાઓ, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.



કુ. જોધાણી, ચંદ્રિકા, ૧૯૬૮ : આપણાં લોકગીતો-કાળીપરજનું લોકગીત, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૯, પૃ.૩૦૦, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

શ્રી જોધાણી, વસંત, ૧૯૬૬ : 'હળપતિનાં લોકગીતો', ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૫, પૃ. ૧૯૦, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૭૨ : લોકહાલરડાં, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

ડૉ.જોષી, એલ.ડી., ૧૯૭૬ : [illegible] લોકગીતો, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

શ્રી ઠક્કર, વાડીલાલ, ૧૯૫૯ : 'રાનીપરજ(ચૌધરી)નાં ગીતો' ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૨, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

શ્રી ડામોર, સુરેન્દ્રકુમાર થાવરાજી, ૧૯૭૩: સાબરકાંઠાના આદિવાસી ડુંગરી ગરાસિયાઓની(ભૂત ડાકણની વિધિઓ)ધાર્મિક માન્યતાઓ( મેઘરજ તાલુકાને કેન્દ્રમાં રાખીને),ગૂજરાત વિદ્યાપીઠના મ.દે.સમાજસેવા મહાવિદ્યાલયનો સ્નાતક કક્ષાનો અપ્રકાશિત લઘુ નિબંધ, અમદાવાદ.

શ્રી ડામોર, હરજીભાઇ ધૂળાજી, ૧૯૬૯ : શામળાજી વિસ્તારના ડુંગરી ગરાસિયાઓનો અડેલો, ગૂજરાત વિદ્યાપીઠના મ.દે.સમાજસેવા મહાવિદ્યાલયનો સ્નાતક કક્ષાનો અપ્રકાશિત લઘુ નિબંધ, અમદાવાદ.

શ્રીમતી તડવી, રેવાબહેન, ૧૯૫૯ : મા-દિકરો (તડવી જાતિમાં પ્રચલિત લોકવાર્તા), ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૨, પૃ.૩૨૦, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૬૪ : ચંદાશા રાજા અને વાઘેલા રાણી, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૪, પૃ. ૨૬૦, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૬૬ અ : તડવીઓનાં શુકન-અપશુકન, લોકગુર્જરી ?, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૬૬ બ : રાઠવા કોળીનાં લોકગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૫, પૃ. ૨૩૭, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

શ્રીમતી તડવી, રેવાબહેન, ૧૯૭૧ : સંખેડા મેવાસના લોકગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૧૪, પૃ. ૨૦૯, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૭૪ : વરરાજાનો ઘોડો, જોરાવરસિંહજાદવ (સંપા.) લોકસાહિત્યની અશ્વકથાઓ, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

શ્રીમતી તડવી, રેવાબહેન અને
શ્રી તડવી, શંકરભાઇ, ૧૯૬૩ અ : રાઠવા કોળીનાં ઉત્સવ ગીતો, ગાંધી બાવો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૩, પૃ. ૧૧૦, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૬૩ બ : ઉખાણા-વરતો કોયડા, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૩, પૃ. ૧૩૯, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૬૪ : રાઠવા કોળીમાં લગ્નગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૪, પૃ. ૨૨, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૬૬ : વસંત નૃત્ય ગીતો, સ્વાધ્યાય, વર્ષ ૩, અંક-૪,પૃ. ૪૭૦

૧૯૬૯ : તડવીઓના લગ્નગીતો, સ્વાધ્યાય, વર્ષ ૬, અંક-૩ પૃ. ૩૪૬.

૧૯૭૧ : તડવીઓનાં લગ્ન નૃત્ય ગીતો, સ્વાધ્યાય ,વર્ષ-૮, અંક-૨, પૃ. ૨૨૫.

૧૯૭૨ : તડવીઓનાં લગ્નગીતો અને વિધિઓ, સ્વાધ્યાય, વર્ષ-૧૦, અંક-૧, પૃ. ૭૪.

૧૯૭૩ અ : તડવીઓનાં લગ્નગીતો અને વિધિઓ, સ્વાધ્યાય, વર્ષ-૧૦, અંક-૪, પૃ. ૫૦૬.

૧૯૭૩ બ : તડવીઓનાં લગ્નગીતો અને વિધિઓ, સ્વાધ્યાય, વર્ષ-૧૧, અંક-૧, પૃ. ૭૦

શ્રી તડવી, શંકરભાઇ, ૧૯૫૯ : ખાવું, હસવું ને રડવું (રાઠવા કોળીની લોકકથા), ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૨, પૃ. ૩૫૧,ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.



શ્રી તડવી, શંકરભાઇ, ૧૯૬૩ : બાળુડો લવધન (મેવાસના તડવીઓમાં પ્રચલિત લોકકથા), ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૩, પૃ. ૨૨૫, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૬૪ : વેરનો જન્મ. ઝરણું,વર્ષ ૧, અંક-૩, પૃ.૧૦

૧૯૬૬ અ : તડવી-ભીલોનાં નૃત્ય ઉત્સવો, લોકગુર્જરી-૩, પૃ.૫૮

૧૯૬૬ બ : સંખેડા મેવાસનાં લોકગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૫, પૃ. ૨૨૫, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૬૭ અ : મેવાસનાં લોકગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૬, પૃ. ૬૦, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૬૭ બ : ચંદરા વેણી, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૬, પૃ. ૨૬૨, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૬૭ ક : ડાંડિયાનૃત્ય ગીત, સ્વાધ્યાય ,વર્ષ-૪, અંક-૪, પૃ. ૪૬૩

૧૯૬૮ : સંખેડા મેવાસનાં લોકગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૭, પૃ. ૨૨૦, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૭૧ : રાઠવાનાં ગરબા ગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૧૪, પૃ. ૨૨૩, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૭૩ : રાઠવા કોળીનાં ઉખાણાં, સ્વાધ્યાય, પુ.૯, અંક-૨, પૃ. ૧૫૩

૧૯૭૪ અ : મેવાસની લોકકથા, પાવી જેતપુર

૧૯૭૪ બ : મેવાસની લોકસંસ્કૃતિ, પાવી જેતપુર

૧૯૭૪ ક : લોકજીવનમાં મંત્રવિદ્યા, લોકગુર્જરી, અંક-૭, પૃ. ૧૧૩.

૧૯૭૭ : પાલના રાઠવા, પાવી જેતપુર.

શ્રી તડવી, શંકરભાઇ અને
શ્રીમતી તડવી, રેવાબહેન , ૧૯૫૭ : મેવાસનનાં લોકગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૧, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ।

શ્રી દળવી, મોહનલાઇ ૧૯૭૬ : ધોડિયા જ્ઞાતિનો ઇતિહાસ, મુંબઇ .

શ્રી દેશમુખ, ચંદ્ર શોભા ૧૯૬૯ અ : 'રાજપીપળાના આદિવાસીઓનાં વિરહ ગીતો' ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૧૧, પૃ. ૨૧૩, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૬૯ બ : 'રાજ' પ્રદેશનાં આદિવાસીઓનાં લોકગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૧૧, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

શ્રી નાયક, ઘેલુભાઇ ૧૯૬૯ : 'ડાંગ પ્રદેશનાં ડાંગી લોકગીતો' ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૧, પૃ. ૧૮૮, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

શ્રી નિનામા, લાલચંદભાઇ ધૂળાભાઇ,
૧૯૫૭ અ : 'પંચમહાલના ભીલોનાં લોકગીતો' ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૧, પૃ.૮૨, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૫૭ બ : 'ભીલોમાં પ્રચલિત ઉખાણાં' ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૧, પૃ.૩૮૦, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૫૭ ક : ભીલોમાં પ્રચલિત કહેવતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૧, પૃ. ૩૯૭, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૫૯ : 'શિયાળનો ગર્વ ઉતાર્યો', ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૨, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૬૩ : આદિવાસી જનતાનાં લોકગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૩, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૬૬ : પંચમહાલના ભીલો અને તેમનું જીવન, લોકગુર્જરી, વર્ષ ૩, પૃ. ૩૦.



કુ. પટેલ, અરૂણાબહેન મકનજીભાઇ,૧૯૭૦ : ધોડિયા આદિવાસીઓનું લોકસાહિત્ય, ચીચાઇ ગામને કેન્દ્રમાં રાખીને, ગુજરાત વિદ્યાપીઠના મ. દે. સમાજસેવા મહાવિદ્યાલયનો સ્નાતક કક્ષાનો અપ્રકાશિત લઘુ નિબંધ, અમદાવાદ.

કુ. પરમાર, મણીબહેન કાળાભાઇ, ૧૯૭૪ : ડુંગરી ગરાસિયાઓમાં બહેનો દ્વારા ગવાતાં લોકગીતો, ગૂજરાત વિદ્યાપીઠના મ. દે. સમાજસેવા મહાવિદ્યાલયનો સ્નાતક કક્ષાનો અપ્રકાશિત લઘુ નિબંધ, અમદાવાદ.

શ્રી પટેલ, મધુભાઇ , ૧૯૫૭ : રાજપીપળા પ્રદેશનાં લોકગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૧, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

કુ. પટેલ, લક્ષ્મીબહેન છગનભાઇ, ૧૯૭૪ : ધોડિયા જાતિનાં લગ્નગીતો, ગૂજરાત વિદ્યાપીઠના મ. દે. સમાજસેવા મહાવિદ્યાલયનો સ્નાતક કક્ષાનો અપ્રકાશિત લઘુ નિબંધ, અમદાવાદ.

શ્રી પટેલ, શંકરભાઇ બુધિયાભાઇ, ૧૯૬૭ : ધરમપુર તાલુકાના આદિવાસીઓનાં લોકગીતોમાં સાંસ્કૃતિક જીવન, ગૂજરાત વિદ્યાપીઠના મ. દે. સમાજસેવા મહાવિદ્યાલયનો સ્નાતક કક્ષાનો અપ્રકાશિત લઘુ નિબંધ, અમદાવા

શ્રી પાઠક, નાથજી મહેશ્વર, ૧૯૧૫ : ભીલોનાં ગીત, અમદાવાદ.

શ્રી પાઠક, રતીલાલ નાથજીભાઇ, ૧૯૫૯ : ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૨, પૃ. ૧૪૯, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

શ્રી પાઠક, રમેશ, ૧૯૭૧ ક : પંચમહાલનાં હોળી ગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૧૪, પૃ. ૧, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૭૧ ખ : પંચમહાલનાં મેળાનાં અને પ્રેમવિષયક ગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૧૪, પૃ. ૬, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૭૧ ગ : પંચમહાલનાં ગોવાળિયાનાં ગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૧૪, પૃ. ૧૭, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૭૧ ઘ : પંચમહાલનાં લડાઇનાં ગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૧૪, પૃ. ૩૮, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

શ્રી પાઠક, રમેશ, ૧૯૭૧ ચ : બડવાનાં લોકગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૧૪, પૃ. ૧૦૯, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૭૧ છ : પંચમહાલનાં પ્રકીર્ણ લોકગીત, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૧૪, પૃ. ૧૨૬, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૭૧ જ : પંચમહાલનાં ભક્તિ ગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૧૪, પૃ. ૧૪૮, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૭૧ ઝ : પંચમહાલનાં લગ્નગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૧૪, પૃ. ૧૭૨, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

શ્રી પિપળગવાળા, ડાહ્યાભાઇ, ૧૯૬૬ : રાજનાં લોકગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૫, પૃ. ૧૯૯, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય, સમિતિ, અમદાવાદ.

શ્રીમતી ભગત, કાન્તાબહેન અને
શ્રી ભગત, જયંતકુમાર, ૧૯૬૪ : મેવાસના પ્રદેશનાં લોકગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૪, પૃ. ૫૭, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

શ્રી ભટ્ટ, ચુનીભાઇ, ૧૯૬૭ : ગામીત ભાષાનું ગીત, દાદરી લોક ખેત મોઠે, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૬, પૃ. ૨૫૬, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૭૦ : ડેડિયાપાડાના આદિવાસીનાં હોળી ગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૧૨, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

શ્રી મછાર, નારૂભાઇ, ૧૯૭૧ : પંચમહાલ જિલ્લાના ભીલોનાં લોકગીતો (ઝાલોદ તાલુકાને કેન્દ્રમાં રાખીને), ગુજરાત વિદ્યાપીઠના મ. દે. સમાજસેવા મહાવિદ્યાલયનો સ્નાતક કક્ષાનો અપ્રકાશિત લઘુ નિબંધ, અમદાવાદ.

શ્રી મલકાણ, જયંત, ૧૯૫૫ : પંચમહાલના આદિવાસીઓ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

કુ. માળવી, મધુકાન્તા ઠાકોરભાઇ, ૧૯૭૨ : ગામીતનાં લોકગીતો, (મહુવા તાલુકાને કેન્દ્રમાં રાખીને), ગૂજરાત વિદ્યાપીઠના મ. દે. સમાજસેવા મહાવિદ્યાલયનો સ્નાતક કક્ષાનો અપ્રકાશિત લઘુ નિબંધ, અમદાવાદ



શ્રી મેડા, કલાભાઇ તાજસિંહભાઇ, ૧૯૭૩ : દાહોદ તાલુકાના ભીલોનાં લગ્નગીતો, ગૂજરાત વિદ્યાપીઠના મ. દે. સમાજસેવા મહાવિદ્યાલયનો સ્નાતક કક્ષાનો અપ્રકાશિત લઘુ નિબંધ, અમદાવાદ.

શ્રી રાઠવા, રાવજીભાઇ ચીમરભાઇ, ૧૯૭૩ : રાઠવાઓમાં જાદુ, મંત્રતંત્ર અને મેલી વિદ્યાનું સ્વરૂપ, ગૂજરાત વિદ્યાપીઠના મ. દે. સમાજસેવા મહાવિદ્યાલયનો સ્નાતક કક્ષાનો અપ્રકાશિત લઘુ નિબંધ, અમદાવાદ.

કુ. રાણપુરા, સવિતા, ૧૯૬૯ : 'સાબરકાંઠાના આદિવાસીઓનાં લોકગીતો', ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૧૧, પૃ. ૨૦૨, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

શ્રી રાવળ, ઇન્દ્રશંકર, ૧૯૭૦ : દૂબળાનાં ઘેરિયા ગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૧૨, પૃ. ૨૭૦, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

શ્રી વણીકર, ૧૯૪૪ : ગુજરાતના પંચમહાલ જિલ્લાના ભીલો, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ.

શ્રી વાઘેલા, ચંદ્રકાન્ત, ૧૯૬૩ : 'ઉખાણાં', ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૩, પૃ. ૧૨૮, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૬૬ : દેવાણી અને પ્રગટ, લોકગુર્જરી, અંક ૩, પૃ. ૨૦.

શ્રી વોરા, દિનકરરાય, ૧૯૭૦ : સાબરકાંઠાના આદિવાસીઓનાં લોકગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૧૨, પૃ. ૨૦૯, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

શ્રી શાહ, વિમલ, ૧૯૬૫ : ગુજરાતના આદિવાસીઓ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

શ્રીમતી ડૉ. સોલંકી, આશા, ૧૯૭૩ : 'ગીર, બરડા અને આલેચના રબારીઓ' ગુજરાત યુનિવર્સિટીનો પીએચ. ડી. નો અપ્રકાશિત મહાનિબંધ, અમદાવાદ.

શ્રી સોલંકી, પ્રભુભાઇ બાલુભાઇ, ૧૯૬૭ : શામળાજી વિસ્તારના ગરાસિયાઓની ગોત્ર અને અટક વ્યવસ્થા, ગૂજરાત વિદ્યાપીઠના મ. દે. સમાજસેવા મહાવિદ્યાલયનો સ્નાતક કક્ષાનો અપ્રકાશિત લઘુ નિબંધ, અમદાવાદ.

શ્રી સોલંકી, પુરષોત્તમ, ૧૯૬૮ અ : કાંઠાના પઢાર લોકોનાં લોકગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૭, પૃ. ૨૩૪, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

૧૯૬૮ બ : પઢારનાં લોકગીતો, ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૯, પૃ. ૨૩૫, ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ.

ડૉ.સોલંકી, સિધ્ધરાજ સુરજીભાઇ, ૧૯૬૬ : શામળાજીના ગરાસિયા આદિવાસીઓનાં લગ્નગીતો, આદિવાસી સંદેશ, વર્ષ ૩, અંક ૪.

૧૯૬૮ ક : ચોધરી બોલીનાં ઉખાણાં, આદિવાસી સંદેશ, વર્ષ ૫, અંક ૧-૨, સળંગ અંક ૧૭-૧૮, પૃ.૭.

૧૯૬૮ ખ : ચોધરી બોલીનાં ઉખાણાં, આદિવાસી સંદેશ, વર્ષ ૫, અંક ૧-૨, સળંગ અંક ૧૯, પૃ.૪.

૧૯૬૮ ગ : ચોધરી બોલીનાં ઉખાણાં, આદિવાસી સંદેશ, વર્ષ ૫, અંક ૪, સળંગ અંક ૨૦, પૃ.૬.

૧૯૬૮ ઘ : ચોધરી બોલીનાં ઉખાણાં, આદિવાસી સંદેશ, વર્ષ ૫, અંક ૧૦, સળંગ અંક ૨૬, પૃ.૬.

૧૯૬૮ ચ : વસાવાઓની ઉક્તિઓનું એક ઉદાહરણ, આદિવાસી સંદેશ, વર્ષ ૬, અંક ૩, પૃ.૪, સંળગ અંક ૩૧,

૧૯૬૮ છ : સુરત જિલ્લાના ગામીતોનાં ઉખાણાં, આદિવાસી સંદેશ, વર્ષ ૬, અંક ૧૨, સળંગ અંક ૪૦, પૃ.૬.

૧૯૭૦ જ : સુરત જિલ્લાના ગામીતોનાં ઉખાણાં, આદિવાસી સંદેશ, સળંગ અંક ૪૨-૪૩, વર્ષ ૭, અંક ૨-૩, પૃ.૬.

૧૯૭૦ ઝ : દક્ષિણ ગુજરાતના ચોધરી આદિવાસીઓમાં ધનુષ્યબાણનું એક લોકગીત, આદિવાસી સંદેશ, સળંગ અંક ૪૪, વર્ષ ૭, અંક ૪, પૃ.૪.

૧૯૭૦ ટ : સુરત જિલ્લાના ગામીતોનાં ઉખાણાં, આદિવાસી સંદેશ, વર્ષ ૭, અંક ૬, સળંગ અંક ૪૬, પૃ.૭.

૧૯૭૦ ઠ : વસાવા જાતિનાં ઉખાણાં, આદિવાસી સંદેશ, વર્ષ ૭, સળંગ અંક ૪૯, અંક ૯, પૃ.૪.

૧૯૭૦ ડ : સુરત જિલ્લાનાં કોટવાળિયાઓનાં ઉખાણાં, આદિવાસી સંદેશ, સળંગ અંક ૫૦-૫૧, વર્ષ ૭, અંક ૧૦-૧૧, પૃ.૬.

૧૯૭૧ : સુરત જિલ્લાનાં કોટવાળિયાઓનાં ઉખાણાં, આદિવાસી સંદેશ, સળંગ અંક ૫૬,, વર્ષ ૮, અંક ૪.

૧૯૭૪ : 'શામળાજીના ગરાસિયાઓ' ગુજરાત યુનિવર્સિટીનો પીએચ.ડી.નો અપ્રકાશિત મહાનિબંધ, અમદાવાદ.





૧૯૭૭ અ : 'સ્રામળેજીન ગરાહજ્જા-શામળાજીના ગરાસિયાઓ' આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪.

૧૯૭૭ બ : શામળાજીના ગરાસિયા આદિવાસીઓના લોકસાહિત્યમાં સગાઇસબંધ, સમાજકારણ વર્ષ ૧, અંક ૩, પૃ.૪૧

Dr. Acharya Shantibhai 1969 : A Bhil Tale 'Tom Tom Tom' Folklore, Vol. 10,No.12, P.437

1971 : A Cowherd,Folklore,Vol.12,No.8,P.311

Shri Dave P.C. 1960 : The Grasias, Bhartiya Adimjati Sevak Sangh, New Delhi.

Dr. Fishcher Eberhard & Shah Haku 1971 : Mogra Dev: Tribal Crocodile Gods, Tribal Research and Training Institute,Gujarat Vidyapith, Ahmedabad.

1973 : Vetra Ne Khambha: Memorials for the Dead, Tribal Research and Training Institute, Gujarat Vidyapith, Ahmedabad.

Dr. Kopper D.H. 1976 : Tribal Art of Dangs, Government Government Press, Baroda.

Dr. Majumdar D.N. 1944 : Race realities in cultural Gujarat

Dr. Mehta B.H. 1933 : Social and Economic Conditions of Chodhras an aboriginal Tribe of Gujarat. M.A. Dissertation, University of Bombay.

Dr. Naik T.B. 1956 : The Bhils, a study, Bhartiya Adimjati Sevak Sangh, New Delhi.

Dr. Nath V.Y.S. 1960 : The Bhils of Ratanmal, M.S.University, Baroda.

Shri Shah P.G. 1958 : The Dublas, Bhartiya Adimjati Sevak Sangh, New Delhi.

1959 : The Naik-Naikdas, Gujarat Research Society, Bombay.

1964 : Tribal Life in Gujarat, Gujarat Research Society, Bombay.

Rev. Thomson 1895 : Rudiments of Bhili Language, Mission Press, Ahmedabad.

## પ્રકાશન

| | |
|---|---|
| ૧. આદિવાસીઓના પ્રશ્નો | : સં. વિમલ શાહ |
| ૨. ભીલી-ગુજરાતી શબ્દાવલી | : ડૉ. શાન્તિભાઈ આચાર્ય |
| ૩. આદિવાસી વિશેષાંક, "વિદ્યાપીઠ" | : સં. વિમલ શાહ |
| ૪. ગુજરાતના દૂબળાઓ | : લે. પી. જી. શાહ, સંક્ષેપ - બિન્દુબહેન શાહ |
| ૫. ગુજરાતના આદિવાસીઓ | : વિમલ શાહ |
| ૬. સમૂહ શ્રાદ્ધ | : વિમલ શાહ, રમેશ શ્રોફ, હકુ શાહ |
| ૭. ગુજરાતી-ભીલી વાતચીત (ગરાસિયા સ્વરૂપ) | : ડૉ. શાન્તિભાઈ આચાર્ય |
| ૮. ચોધરી અને ચોધરી શબ્દાવલી | : ડૉ. શાન્તિભાઈ આચાર્ય |
| ૯. સાસિ આય - સાચી મા | : ડૉ. શાન્તિભાઈ આચાર્ય |
| १०. गुजरात के आदिवासी | : विमल शाह |
| ११. गुजरात के आदिवासी (चित्र संपूट) | : — |
| ૧૨. A Supplement to the Special Tribal Number of "Vidyapith" | : Ed. Vimal Shah |
| ૧૩. Mogra Dev : Tribal Crocodile Gods | : Dr. Eberhard Fischer, Haku Shah |
| ૧૪. "Vetra Ne Khambha" : Memorials for the Dead | : Dr. Eberhard Fischer, Haku Shah |
| ૧૫. આદિવાસી વિકાસ ઘટકોની તપાસ | : વિમલ શાહ, રમેશ શ્રોફ |
| ૧૬. ઉચ્ચ શિક્ષણ લેતા આદિવાસી વિદ્યાર્થીઓની સમસ્યાઓની એક તપાસ | : ડૉ. સિદ્ધરાજ સોલંકી |
| ૧૭. આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના તાલીમાર્થીઓની એક તપાસ | : ડૉ. સિદ્ધરાજ સોલંકી |
| ૧૮. ગુજરાતના આદિવાસીઓમાં રાજકીય જાગૃતિ | : વિમલ શાહ, રાસ બિહારી લાલ |
| ૧૯. એક આદિવાસી ગામની અર્થવ્યવસ્થા | : વિમલ શાહ, રાસ બિહારી લાલ |
| ૨૦. આદિવાસી વિસ્તારમાં આરોગ્ય અને સ્વાસ્થ્ય અંગેની યોજનાઓ અને કુટુંબ નિયોજનના કાર્યક્રમનાં કેટલાંક પાસાંની મોજણી | : ડૉ. સિદ્ધરાજ સોલંકી |
| ૨૧. આદિવાસી વિકાસ ઘટકના કાર્યક્રમોનું મૂલ્યાંકન | : મુસ્તાઅલી મસવી |
| ૨૨. આદિવાસી વિસ્તારમાં ખેતી વિકાસ | : વિમલ શાહ, મુસ્તાઅલી મસવી |
| ૨૩. આદિવાસી વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે થતો અપવ્યય અને સ્થગિતતા | : મુસ્તાઅલી મસવી |
| ૨૪. ગુજરાતના આદિવાસીઓમાં જમીન ફેરબદલીની સમસ્યા | : મુસ્તાઅલી મસવી |
| ૨૫. આદિવાસી વિસ્તારમાં દેવા વિષયક પરિસ્થિતિ | : મુસ્તાઅલી મસવી |
| ૨૬. Survey of Tribal Development Blocks | : Vimal Shah, Ramesh Shroff |
| ૨૭. Wastage and Stagnation in Primary Education Among the Tribals | : Rash Bihari Lal |
| ૨૮. A Comparative Study of Traditional Panch and Statutory Panchayat | : Rash Bihari Lal |
| ૨૯. Problems of College Going Tribal Students | : Dr. Siddharaj Solanki |
| ૩૦. A Follow-up Enquiry of the Trainees Trained at Tribal Research and Training Institute | : Dr. Siddharaj Solanki |
| ૩૧. Health and Sanitation Programme in a Tribal Block | : Rash Bihari Lal |
| ૩૨. Well Irrigation Programme in a Tribal Block | : Rash Bihari Lal |
| ૩૩. An Enquiry into Political Consciousness among Tribals of Gujarat | : Vimal Shah, Rash Bihari Lal |
| ૩૪. Agricultural Development in Tribal Area | : Vimal Shah |
| ૩૫. Report on the Working of Tribal Development Blocks | : Rash Bihari Lal |
| ૩૬. Wastage and Stagnation in Primary Education in Tribal Areas | : Mustali Masavi |
| ૩૭. Problem of Land Alienation Among Tribals of Gujarat | : Mustali Masavi |
| ૩૮. ગુજરાતના આદિવાસી વિસ્તારમાં એસ. એસ. સી.માં અંગ્રેજી લેતા વિદ્યાર્થીઓનું પ્રમાણ | : ડૉ. સિદ્ધરાજ સોલંકી |
| ૩૯. પ્રાથમિક અને માધ્યમિક શાળાનાં પાઠ્યપુસ્તકોમાં આદિવાસીઓ | : ડૉ. સિદ્ધરાજ સોલંકી |
| ૪૦. ગુજરાતના આદિવાસી લોકસાહિત્યનું વિહંગાવલોકન | : ડૉ. સિદ્ધરાજ સોલંકી |
| ૪૧. એક આદિવાસી ગામમાં જમીન અપહરણના કિસ્સાનો અભ્યાસ | : ડૉ. સિદ્ધરાજ સોલંકી |
| ૪૨. "ત્સાંમળેજીન્ ગરાહજ્યા" : શામળાજીના ગરાસિયાઓ | : ડૉ. સિદ્ધરાજ સોલંકી |
| ૪૩. ગુજરાતની કૉલેજોમાં પછાતવર્ગના કર્મચારીઓનું પ્રમાણ | : ડૉ. સિદ્ધરાજ સોલંકી, શ્રીમતી કોકિલાબહેન શાહ |
| ૪૪. ગુજરાતનાં અધ્યાપન મંદિરોમાં પછાતવર્ગના કર્મચારીઓનું પ્રમાણ | : ડૉ. સિદ્ધરાજ સોલંકી, ગૌરીશંકર પંડ્યા |
| ૪૫. એસ. એસ. સી. પછીની શિષ્યવૃત્તિ યોજના : એક મૂલ્યાંકન | : ડૉ. સિદ્ધરાજ સોલંકી, શ્રીમતી કોકિલાબહેન શાહ |
| ૪૬. The Kathodis of Gujarat | : Mustali Masavi, Gaurishanker Pandya |
| ૪૭. An Evaluation of Halpati Housing Scheme | : Rash Bihari Lal |
| ૪૮. Socio-Religious Movements Among Tribals of South Gujarat | : Rash Bihari Lal |
| ૪૯. A Study of Health Services in Kathla Tribal Development Block | : Mustali Masavi |
| ૫૦. Bonded Labour in Gujarat : Does it Exist in Gujarat? | : Rash Bihari Lal |
| ૫૧. On Some Aspects of Tribal Development | : Ed. Dr. Siddharaj Solanki |

Nos 1 to 14 – Printed